દિવ્ય ભાસ્કર

ગોધરા-દાહોદ ભાસ્કર 28-02-2026

મોરબીથી કોટા જતી ટ્રકના ચાલકની સમયસૂચકતાથી મુસાફરોનો આબાદ બચાવ

રાબડાલ પાસે મોટી દુર્ઘટના ટળી, એસટીને બચાવવા ટ્રક ચાલકે ગાડી ખાડામાં ઉતારી

ડ્રાઈવરને સામાન્ય ઇજા થતાં સારવાર માટે ખસેડાયો

ભાસ્કર ન્યૂઝ | દાહોદ

દાહોદના રાબડાલ ગામ પાસે આજે એક ભયાનક અકસ્માત સર્જાતા રહી ગયો હતો. એક જાગૃત ટ્રક ચાલકની બહાદુરી અને સમયસૂચકતાને કારણે એસટી બસમાં સવાર અનેક મુસાફરોના જીવ બચી ગયા છે. સામેથી આવી રહેલી બસને બચાવવા જતાં ટ્રક ચાલકે પોતાની ગાડી રસ્તા નીચે ઉતારી ખાડામાં કુદાવી દીધી હતી, જેના કારણે મોટી જાનહાનિ ટળી હતી.

મળતી માહિતી મુજબ, ટાઈલ્સ ભરેલી એક ટ્રક મોરબીથી રાજસ્થાનના કોટા તરફ જઈ રહી હતી. આ દરમિયાન દાહોદના રાબડાલ નજીક સામેથી પૂરપાટ ઝડપે આવી રહેલી ગુજરાત સ્ટેટ ટ્રાન્સપોર્ટ (S.T.)ની બસ સાથે ધડાકો થાય તેવી સ્થિતિ સર્જાઈ હતી. જો ટ્રક અને બસ સામસામે અથડાયા હોત તો મોટી ખુવારી થવાની પૂરેપૂરી શક્યતા હતી. અકસ્માત નિવારવા માટે ટ્રક ચાલકે ક્ષણભરનો પણ વિલંબ કર્યા વગર સ્ટિયરિંગ પરથી કાબુ મેળવી ટ્રકને રસ્તાની સાઈડમાં આવેલા ઊંડા ખાડામાં ઉતારી દીધી હતી.

ટ્રક ખાડામાં ખાબકતા ચાલકને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. પરંતુ બસમાં સવાર મુસાફરો સુરક્ષિત રહ્યા હતા. અકસ્માત બાદ આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત ટ્રક ચાલકને તાત્કાલિક સારવાર અર્થે ઝાયડસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ઘટના સ્થળે હાજર લોકોએ જણાવ્યું હતું કે, જો ટ્રક ચાલકે સમયસૂચકતા ન વાપરી હોત તો આજે અનેક પરિવારોએ પોતાના સ્વજન ગુમાવવાનો વારો આવ્યો હોત.

હોળી પૂર્વે દેવગઢ બારિયામાંથી દારૂના જથ્થા સાથે 2 ઝડપાયા

કાપડી વિસ્તાર, જંબુસર, ભુલવણ ગામે રેડમાં દારૂ ઝડપ્યો

ભાસ્કર ન્યૂઝ | દેવગઢ બારિયા

આગામી હોળી-ધુળેટી તહેવારોને ધ્યાનમાં રાખી દેવગઢ બારીયા પોલીસ દ્વારા ચેકિંગ દરમિયાન દેવગઢ બારિયાના કાપડી વિસ્તારમાં ઘરમાંથી અને જંબુસર તથા ભુલવણ ગામે વિદેશી દારૂ તથા ત્રણ મોટરસાઈકલ સહિત કુલ રૂ. 3,01,241નો મુદ્દામાલ કબ્જે કરી બે લોકોની ધરપકડ કરી છે.

બારિયાના કાપડી વિસ્તારમાં મંછી ફળિયામાં રહેતા જાવેદ ઈસ્માઈલ રશીદવાલાના ઘરે દરોડો પાડતાં વિદેશી દારૂ અને બિયરની 117 બોટલો, 31,377 રૂપિયાના મુદ્દામાલ સાથે જાવેદ રશીદવાલાની ધરપકડ કરી હતી. જંબુસર ગામેથી મોટરસાઈકલ દ્વારા પાઈલોટીંગ સાથે વિદેશી દારૂ આવતા બાતમીથી બે પલ્સર ઝડપાતા 06 પેટીમાં કુલ 192 નંગ વિદેશી દારૂ મળી આવ્યો હતો.પોલીસે દારૂ અને બે બાઈક મળી કુલ 1,27,360નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

ભુલવણમાંથી બાઈક પર વિદેશી દારૂ લઈ જતો એક ઈસમ ઝડપાતા તેની પાસે 1,17,504 રૂપિયાની અલગ-અલગ બ્રાન્ડના કુલ 576 નંગ દારૂ મળી આવ્યો હતો. પોલીસે 3 કેસમાં 3,01,241નો મુદ્દામાલ જપ્ત કરી દેવગઢ બારિયા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રિય અન્નદાતા

આંબામાં કેરી વટાણા જેવી થાય ત્યારે પ્રથમ પિયત, બીજું પિયત 20 દિવસે

પ્રિય અન્નદાતા,

ભરૂચ આંબાના પાકમાં કેટલીક મહત્વની બાબતો છે જેને ખાસ ધ્યાન રાખવાથી સારું ઉત્પાદન મેળવી શકાય છે. જેમાં બાયોકમ્પોસ્ટ અથવા છાણિયુ ખાતર કે વર્મીકમ્પોસ્ટનો શક્ય એટલો વધુ ઉપયોગ કરવો. આ ઉપરાંત જૈવિક ખાતર એઝેટોબેક્ટર, પીએસબી અને કેએમબી (પોટાશ મોબીલાઝીંગ બેકટેરીયા) પુખ્ત વયના ઝાડને 30 થી 50 મીલી ભેજવાળી અવસ્થાએ આપવું. રાસાયણિક ખાતર સાથે ભેગી આપવુ નહી. કેરી ઉતાર્યા પછી આંબા ઉપર વાંદા (પરજીવી વનસ્પતિ) હોય તો દર કરવા જોઈએ. એકબીજા ઉપર છાયો આપતી ડાળીની છંટણી કરવી ઉપરાંત રોગ-જીવાતવાળી, સૂકાયેલી ડાળી દૂર કરવી અને સૂકાયેલા પુષ્પ વિન્યાસ દૂર કરવા. આંબામાં વિકૃતિ (માલકોર્મેશન) જોવા મળે તો વિકૃતિવાળી ડાળી કાપી અને બાળીને નાશ કરવો અને કપાયેલાં ભાગ પર કોપર ઓકસી કલોરાઈડ કે બોર્ડો મિશ્રણનું પેસ્ટીંગ કરવું. આ ઉપરાંત કાર્બેન્ડાઝમ 5 ગ્રામ 10 લીટર પાણીમાં નાખી છંટકાવ કરવો.આંબાના પુખ્ત વયના ઝાડને ચોમાસાની ઋતુ પુર્ણ થયા બાદ પિયત આપવાની જરૂરિયાત નથી. આંબામાં કેરી વટાણા જેવી થાય ત્યારે પ્રથમ પિયત અને ત્યાર બાદ 15 થી 20 દિવસે બીજુ પિયત આપવાની ભલામણ છે. ચોમાસાની શરૂઆતમાં શણ, ઈકડ કે સેવરીનો લીલો પડવાશ કરવો. નવી રોપેલ કલમોને (સમાન્ય વાવેતર કરેલ હોય તો) જમીનથી 60 થી 90 સે.મી સુધી એક જ થડવાળ બનાવવા છંટણી કરવી અને ત્યારબાદ 3 થી 4 સારી ડાળીઓ વિકસિત થાય અને દરેક ભાગમાં સૂર્યપ્રકાશ મળે તે રીતે છંટણી કરતાં રહેવું. ઘનિષ્ઠ વાવેતર પધ્ધતિ ધ્વારા કરેલ વાવેતરમાં ઝાડની કેળવણી 2 ફુટથી કરવી. ચોમાસુ પૂર્ણ થયા બાદ તુરત જ ઝાડના થડ ઉપર ઓકટોબર માસ દરમ્યાન કોઝેલોન 35 ઈ.સી. 21 મિલિ 10 લિ. પાણીમાં અથવા થાયોડીકાર્બ 75% વેટેબલ પાવડર 20 ગ્રામ 10 લિ.પાણીમાં અથવા ફેનોબકાર્બ 50 ઈસી 20મીલી10લિ. પાણીમાં ઓગાળી છંટકાવ કરવો.

હિરેનપટેલ, બાગાયતવિભાગ ભરૂચ

આપ પણ કૃષિ કે કિસાનલક્ષી વિષયની જાણકારી ઇચ્છતા હોવ તો આ વૉટ્સએપ નંબર 94085 54147 પર મેસેજ કરો

ફતેપુરાના બટકવાડામાં આમલી એકાદશીનો ભવ્ય મેળો જામ્યો

પૌરાણિક મહાદેવ મંદિરમાં ભક્તોની ભારે ભીડ, વેપારીઓમાં ખુશી

ભાસ્કર ન્યૂઝ | ફતેપુરા

ફતેપુરા તાલુકાના બટકવાડા ગામે દર વર્ષની જેમ આ વર્ષે પણ આમલી એકાદશી નિમિત્તે ભવ્ય મેળો યોજાયો હતો. બે દિવસ સુધી ચાલેલા આ મેળામાં તાલુકા તેમજ આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં ભક્તો અને ગ્રામજનો ઉમટી પડ્યા હતા. ધાર્મિક આસ્થા સાથે મેળાની ખરીદી અને મોજમસ્તીનો રંગીન માહોલ જોવા મળ્યો હતો. બટકવાડામાં આવેલ પૌરાણિક મહાદેવ મંદિરમાં વહેલી સવારથી જ ભક્તોની અવરજવર શરૂ થઈ હતી. શ્રદ્ધાળુઓએ દેવાધિદેવ મહાદેવના શિવલિંગના દર્શન કરી પુજા-અર્ચના કરી આશીર્વાદ મેળવ્યા હતા.

મંદિર પરિસરમાં ભક્તિમય વાતાવરણ વચ્ચે હરહર મહાદેવના જયઘોષથી સમગ્ર વિસ્તાર ગુંજી ઉઠ્યો હતો. મેળામાં ગ્રામિણ જીવન સાથે જોડાયેલી ચીજવસ્તુઓના સ્ટોલ જોવા મળ્યા હતા. ખાસ કરીને માટીના બનેલા દેશી માટલાંનું વેચાણ મોટા પ્રમાણમાં થયું હતું. નાળાની ઋતુને ધ્યાનમાં રાખીને ઠંડુ પાણી સંગ્રહ માટે લોકો દેશી માટલાં ખરીદતા જોવા મળ્યા હતા. ફતેપુરા તાલુકા ઉપરાંત આજુબાજુના વિસ્તારોમાંથી લોકો ખાસ માટલાં લેવા માટે મેળામાં પહોંચ્યા હતા.

આ ઉપરાંત ખજૂર, શેરડીના સાઠા, લાકડાના ખાટલાં સહિત અનેક ઘરગથ્થુ અને ખાદ્ય ચીજવસ્તુઓની પણ ખરીદી થતાં વેપારીઓમાં ખુશી વ્યાપી હતી.

દાહોદમાં 2 સ્થળે વાહનોમાંથી, 2 સ્થળે ઘરમાંથી દારૂ સાથે 4 ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | દાહોદ

દાહોદ જિલ્લા પોલી એમ.પી. પિટોલ તરફથી દારૂ ભરીને કાર ભીટોડી પાસે આવતા તેને ઉભી રાખી બે ઈસમો ડ્રાઈવર સુનિલ ગોપાળ પરમાર અને સાથે મુકાશ ખુમાન ભાભોર બન્ને રહે. ઝરીખુર્દના હોઈ ગાડીમાંથી 59,568 રૂ.ની દારૂની 480 બોટલ સાથે 2ની ધરપકડ કરી.

એલ.સી.બી. કતવારા વિસ્તારમાં બાતમીથી ભાલાપીપર ગામે ત્રણ રસ્તા ઉપર સ્કુટી આવતાં પોલીસને જોઈ ચાલકે રોડની બાજુમાં કાચા પગદંડી રસ્તે સ્કુટી મુકી ભાગવા જતાં પીછો કરીને તેને પકડી દારૂ અને સ્કુટી મળી 70,544 રૂ.ના મુદ્દામાલ સાથે ઈટાવાના મહેશ નુરા ભુરીયાની ઝડપ્યો હતો.

ગરબાડાના માતવા ગામે પટેલ ફળિયામાં પિન્કીબેન ઉર્ફે સુનિતાબેન સવસિંગ ડામોરના ઘરમાં દરોડો પાડી તપાસ કરતા ઇંગ્લિશ દારૂના જથ્થા સાથે પિન્કીબેન ડામોરની ધરપકડ કરી જથ્થો આપનાર માતવાના રેકશ જવા માવી સામે ગુનો નોધ્યો. સાગટાળા પોલીસે કેળકુવા ગામના ગોવિંદ વિરસીંગ રાઠવાના ઘરે રેઈડમાં ઘરમાથી ઇંગ્લિશ દારૂની 322 બોટલો સાથે તેની ધરપકડ કરી હતી.

રાજપીપીળામાંથી બાઈકચોર સકંજામાં આવ્યા

રાજપીપળા | રાજપીપળા વિસ્તારમાં એલસીબીની ટીમે અંકલેશ્વર જવાના રોડ ઉપર ભચરવાડા ગામ નજીકથી રાજપીપળા પો.સ્ટે ના બાઈક ચોરીના ગુનાના આરોપીને ઝડપી પાડ્યાં છે.

મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના કાઢીવાડા તાલુકાના કોળીયારી પટેલ ફળિયામાં રહેતા જયેશ વિરીયા તોમર તરીકે આરોપીની ઓળખ થઈ છે. ચોરીના ગુનામાં તેની સાથે લાલુ ગુરજી તોમર પણ સાથે હોય તેની પણ પોલીસે કાયદેસરની તપાસ હાથ ધરી છે.

શહેરાથી કતલે લઈ જવાતા બે પશુ સાથે બે ઝડપાયા

શહેરા | શહેરા પોલીસ મથકનો સ્ટાફ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં શહેરાથી નાંદરવા તરફ જતાં માર્ગ પર સલામપુરા ગામ પાસે સાહિલ આસિફ શેખ અને અલ્તાફ રસીદ શેખ શંકાસ્પદ હાલતમાં બે પશુઓને દોરીને લઈ જઈ રહ્યા હતા. પોલીસનું વાહનને જોતા બંને શખ્સો નાસવાનો પ્રયાસ કરતા પોલીસે પીછો કરીને બંનેને ઝડપી ઉલટતપાસમાં બે પશુઓની ખરીદી તેને કતલ કરવાના ઈરાદે લઈ જઈ રહ્યા હોઈ વિવિધ કલમો હેઠળ ફરાર મોઈન ઉર્ફે મોયુદીન યુસુફ બેલીમ સહિત ત્રણ સામે શહેરા પોલીસ મથકે ગુનો નોંધાવ્યો હતો.

Change in Name

I have changed my old name Darshanaben Patel to new name Darshna Birenbhai Patel which please note Address - Indraprasth society, Near Bus station, Jhalod Ta- Jhalod Dt- Dahod Pin -389170

CHANGE IN NAME

I SURESHKUMAR GEBILAL KALAL DECLARE THAT I HAVE CHANGED MY NAME FROM SURESHKUMAR GEBILAL PATEL TO **SURESHKUMAR GEBILAL KALAL.** RESIDING AT- UKHRELI ROAD, KARODIYA FATEPURA. DAHOD. 389172

CHANGE IN NAME

I MOHSADDAM MOHFARUKH CHHIPA DECLARE THAT I HAVE CHANGED MY NAME FROM MOHAMMADSADAM CHHIPA TO **MOHSADDAM MOHFARUKH CHHIPA.** RESIDING AT- NEAR CAWASJI BANGLOW, GODI ROAD. DAHOD.389151

Change in Name

I have changed my old name from Birenkumar Manilal Patel to new name Birenbhai Manibhai Patel which please note Address - Indraprasth society, Near Bus station, Jhalod, Ta- Jhalod Dt- Dahod Pin - 389170

Change in Name

I have changed my old name Sheelkumar Biren Patel to new name Sheelkumar Birenbhai Patel which please note Address - Indraprasth society, Near Bus station, Jhalod Ta- Jhalod Dt - Dahod Pin 389170

ભાસ્કર classified

એનાઉન્સમેન્ટ announcement

નામ પરીવર્તન

My old name is GORA FARUK MAHAMMADBHAI TO change GORA HAJI-FARUKBHAI. Passport no.T6422714. 1760-1, Sadak Faliyu KALOL. PANCHMAHALS. .

ચૌદમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



મનુષ્ય જન્મથી નહીં પણ કર્મથી ઓળખાય છે. એટલે તો મરણ કરતા સ્મરણ વધુ યાદગાર બને છે.જેમાં આપની સ્મૃતિ એક વરદાન છે. તમે ગયા પણ તમારી યાદ હજુ જીવંત છે. હૃદયના વા કદી રૂઝાશે નહીં. અમારી અંતરની પ્રાર્થના છે કે જન્મ જન્માંતર સુધી અમે એજ પિતાના સંતાન બની એમના વ્હાલ નીતરતા દિલમાં સદાને માટે સમાય રહીએ પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ. પુષ્પાબેન લાલુભાઈ ગણાવા
કોકીલાબેન લાલુભાઈ ગણાવા
ચિ. ભાવેશ બી. ડામોર - સૌ. મીનલ બી. ડામોર
ચિ. મૌલિન બી. ડામોર - ચિ. રીમા બી. ડામોર
ચિ.જાસ્વી તથા ચિ. સાર્થક ડામોર
તથા સમસ્ત ગણાવા પરિવાર

સ્વ. લાલુભાઈ તેજાભાઈ ગણાવા
સ્વ તા. 28-02-2012

ચોથી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

એવી નજર કયાંથી લાવવી કે તમને યાદ કરીએને દર્શન થઈ જાય હજુ જરૂર હતી તમારી અમને ત્યાં કુદરત લઇ ગયો તાણી હે કુદરત એ અમાનત અમારી છે રાખજે તુ એમને સંભાળી તારા માટે એ આત્મા હશે પણ એજ જીંદગી અમારી હતી. પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ આપે એજ અમારી પ્રાર્થના.

લિ.
ડામોર વરસીંગભાઈ વિરસીંગભાઈ
એસ.ટી. નિવૃત
ડામોર કપિલાબેન વરસીંગભાઈ
ડામોર દીલીપકુમાર વી.
તથા સમસ્ત ડામોર પરિવાર

સ્વ. કનૈયાલાલ
વરસીંગભાઈ ડામોર
જન્મ તા. 10-05-1992
સ્વ. તા. 28-2-2022

તૃતીય વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

એવી નજર ક્યાંથી લાવવી કે તમને યાદ કરીએને દર્શન થઇ જાય હજુ જરૂર હતી તમારી અમને ત્યાં કુદરત લઇ ગયો તાણી હે કુદરત એ અમાનત અમારી છે રાખજે તુ એમને સંભાળી તારા માટે એ આત્મા હશે પણ એજ જીંદગી અમારી હતી. પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ આપે એજ અમારી પ્રાર્થના.

લિ. સોમાભાઈ પારસિંગભાઈ ડામોર -પિતા
વનીતાબેન સોમાભાઈ ડામોર - માતા
ગ.સ્વ. રીટાબેન મિનેશભાઈ ડામોર - પત્ની
મીતકુમાર મિનેશભાઈ ડામોર- પુત્ર
કલ્પેશભાઈ સોમાભાઈ ડામોર - ભાઈ - કૈલાશબેન કલ્પેશભાઈ ડામોર - ભાભી
નરેન્દ્રકુમાર કે. સંગાડા- બનેવી - મનીષા બેન એન. સંગાડા - બહેન
અંજલી, નિકુંજ, ઈશિતા, હેમાંશીન, આર્વન

સ્વ. મિનેશભાઈ
સોમાભાઈ ડામોર
જન્મ.19/12/1992
સ્વ.તા.28/02/2023

દુઃખદ અવસાન/બેસણું

ગામ પરથમપુર હઠીલા પરીવારના રામ રામ સખેદ જણાવવાનું કે સ્વ. ધ્રુવી જગદીશભાઈ હઠીલાનું તા. 25-02-2026ના રોજ દેવગમન થયેલુ છે. પ્રભુ તેમની આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના. તેમનું બેસણું તા. 01-03-2026 રવિવારના રોજ સવારે 8 કલાકેથી સ્થળ: લીમડી પરથમપુર મુકામે રાખવામાં આવેલ છે. મો. 9428547887

લિ.
સ્વ. તેરસિંગભાઈ કુકાભાઈ (દાદા) - ગં.સ્વ. શાંતાબેન તેરસીંગભાઈ હઠીલા (દાદી)
સ્વ. વંદનાબેન જગદીશભાઈ હઠીલા (માતા)
હઠીલા જગદીશભાઈ તેરસીંગભાઈ (પિતા) - રાધીનાબેન જગદીશભાઈ હઠીલા (મમ્મી)
હઠીલા જીતેન્દ્રભાઈ તેરસીંગભાઈ (કાકા) દેવલાનીબેન જીતેન્દ્રભાઈ હઠીલા (કાકી)
દિવ્યા, દિવ્ય, પાર્થ, નિત્યા, તથા સમસ્ત હઠીલા પરિવાર હાલ રહે.ગારીવાસ, લીમડી

સ્વ. ધ્રુવી
જગદીશભાઈ હઠીલા
જન્મ તા. 07-08-2006
સ્વ.તા. 25-02-2026

મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, કાલોલની કચેરી

જાહેર નોટીસ

અરજદાર: સલમાબેન બહાદુરખાન પઠાણ, રહે. બોરૂ, તા. કાલોલ, જી. પંચમહાલ **વિરૂધ્ધ**
સામાવાળા: ત.ક. મંત્રીશ્રી નેવરીયા, તા. કાલોલ, જી. પંચમહાલ

નં. જન્મ-મરણ/પ્રમાણપત્ર/ એસ.આર.નં. ૦૫/૨૦૨૬
તા. ૨૬/૦૨/૨૦૨૬

વિષય : ગુજરાત જન્મ/મરણ અધિનિયમની-૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મ-મરણ નોંધ કરાવવા અન્વયે

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હીત ધરાવતા તમામ ઇસમોને નોટીસથી જાણ કરવામાં આવે છે કે અરજદારશ્રી સલમાબેન બહાદુરખાન પઠાણ, રહે. બોરૂ, તા. કાલોલ, જી. પંચમહાલએ જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ તેઓના પોતાનો જન્મ તા. ૨૨/૧૦/૧૯૬૩ ના રોજ મુ. નેવરીયા, તા. કાલોલ, જી. પંચમહાલ ખાતે થયેલ છે. તેઓના જન્મની નોંધણી જે તે વખતે શરતચૂકથી કરાવવાની રહી ગયેલ હોઈ અત્રેની કોર્ટમાં અપીલ અરજી દાખલ કરેલ છે. સદર અરજીના અનુસંધાનમાં કોઈ ઇસમને વાંધો યા તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ (ત્રીસ) દિવસ સુધીમાં અત્રેની એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર કાલોલની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો તેમ કરવામાં કસૂર કરશો તો આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઇસમોએ નોંધ લેવી.

આજ રોજ તારીખ ૨૬/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

(વી. એ. પટેલ)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર, કાલોલ

જાહેર નોટીસ

અમે નીચે સહી કરનાર એડવોકેટ એન્ડ નોટરી આશિષ એન પંચોલી રહેવાસી -ગોધરા નાતે અમારા અસીલ ની સુચના અને ફરમાઈશથી આથી આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે:- મોજે ગોધરા તા.ગોધરા શહેર જી.પંચમહાલ ના ખાતા નંબર.20727 જેની સર્વે નંબર.1072/1 જુની શરતની હેક્ટર 0-94-49-60 તથા રેવન્યુ ખાતા નંબર.20730 રેવન્યુ સર્વે નંબર. 1073 જુની શરતની હેક્ટર 1-65-92 તથા રે.ખાતા નંબર. 20539ની જુની શરત રે.સ.નંબર. 1073/પૈકી 1 હેક્ટર 0-23-67-74 તથા રેવન્યુ સર્વે નંબર. 1072/1/પૈકી 1 જુની શરત 0-41-48 ની જમીન અમારા અસીલ વેચાણ લેવા માંગતા હોય જેથી આ અંગે કોઈ પણ વ્યક્તિ ઈસમ કે સંસ્થાને જે કોઈ વાંધો તકરાર હોય તો કે તેઓનો કોઈ લાગ ભાગ હકક હિસ્સો બોજો લીયન હોય તો દસ્તાવેજી પુરાવા સહિત દિન-7 મા અમ એડવોકેટને લેખિતમાં પુરાવા સહિત દિન-7 માં જાણ કરશો. મુદત વીત્યે અમો ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામા આવશે. અને અમારા અસીલ ઉપરોકત મિલ્કત અંગે નુ ટાઈટલ કલીયર ગણી વેચાણ દસ્તાવેજ કરશે જે આ નોટીસ આપી જાહેર જનતાને જાણ કરી નોંધ લેશોજી. સ્થળ - ગોધરા. તારીખઃ- 27-2-2026

આશિષ એન. પંચોલી એડવોકેટ નોટરી મો.નં.૯૪૨૬૯૪ ૩૮૭૯૯
૩૦ ગણેશ સોસાયટી, ચક્રધારી સોસાયટી પાછળ ભુરાવાવ- ગોધરા

સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટીસ
પરિશિષ્ટ - ૪-એ [રૂલ ૬ (૨) અને ૮ (૬) માટે પ્રોવીસો જુઓ]

રીજનલ ઓફિસ (ગોધરા) "કાલિંદી" ૧, મહાવીર જૈન સોસાયટી, એસ. ટી. ડેપોની પાસે, ગોધરા - ૩૮૯૦૦૧. જિ. પંચમહાલ, ગુજરાત.
ફોન : ૯૬૮૭૬૭૮૯૧૫ www.bankofbaroda.com

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

સ્થાવર મિલકતોની ઈ-હરાજી થી વેચાણ નોટીસ સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ના અંતર્ગત, સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૬(૨) અને ૮(૬) સાથે વંચાતી.

આથી જાહેર જનતા તથા દેવાદાર (રો) ગિરવેદાર (રો) અને જામીનદાર (રો) ને ખાસ કરીને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે નીચે જણાવેલા જે બેંકમાં સ્થાવર મિલકત ગીરવે / ચાર્જમાં મુકેલ તેનો બેંક ઓફ બરોડાના અધિકૃત અધિકારી શ્રી દ્વારા કબજો લીધેલ છે. સદરહુ મિલકતો સિક્યોર્ડ લેણદાર બેંક ઓફ બરોડા દ્વારા બેંકની બાકી નિકળતી રકમ તથા લાગુ પડતું વ્યાજ અને અન્ય ખર્ચાઓ ની વસુલાત માટે "જેમ છે ત્યાં છે", "જે છે તે છે", "જે છે ત્યાં છે" અને "આશ્રય વીના છે"ના ધોરણે વેચાણમાં મુકવામાં આવેલ છે. દેવાદારો / જામીનદારો / મિલકતો / બાકી લ્હેણાં / અનામત કિંમત / ઈ-હરાજીની તારીખ અને સમય / અર્નેસ્ટ મની ડીપોઝીટ અને બીડ વધારવાની રકમ નીચે મુજબ જણાવવામાં આવે છે :-

અનુ./લોટ નં.	ઉધારકર્તા/ઓ / જામીનદાર/ઓ ગિરવેદાર/ઓના નામ અને સરનામું	સ્થાવર મિલકતનું વર્ણન	કુલ બાકી લ્હેણાં	ઈ-હરાજીની તારીખ અને સમય	અનામત કિંમત ઈએમડી બીડ વધારવાની રકમ	કબજાની સ્થિતી (સાંકેતીક / પ્રત્યક્ષ)	મિલકતની નિરીક્ષણની તારીખ અને સમય
૧.	શ્રીમતી શિલાબેન રાજેશભાઈ પટેલ અને શ્રી પટેલ રાજેશભાઈ (જામીનદાર)	શ્રીમતી શિલાબેન રાજેશભાઈ પટેલની માલિકીની સમાવેશી મિલકત સર્વે નં. ૨૦૬ પૈકી પૂર્વ બાજુ નવો એરિયા સિટી સર્વે નં. ૩૯૫/૪૬ જે સ્થિત કો-ઓપરેટીવ સોસાયટી સ્વામીનારાયણ મંદિર પાછળ, અંકલેશ્વર મહાદેવ રોડ ક્ષેત્રફળ ૭૫-૫૦ સ્કે.ફૂટ ગોધરા મ્યુનિસિપલ ઘર નં. ૩/૬૩૦/એસએસ/૮૧/૧ ખાતે આવેલ સમગ્ર મિલકત જેની ચતું:સીમા: પૂર્વે: અંકલેશ્વર મહાદેવ રોડ હરેકિષ્ના સોસાયટીની બાઉન્ડ્રી, પશ્ચિમે: સહજાનંદ સોસાયટીનું ઘર, ઉત્તરે: સ્વામીનારાયણ મંદિર, દક્ષિણે: સહજાનંદ સોસાયટીનો બંગલો.	રૂા. ૫,૧૯,૦૪૧.૪૬/- + અન્ય ચાર્જીસ રિકવરી બાદ કરતા જો કોઈ હોય તો, કબજા નોટિસ તા. ૦૮.૧૦.૨૦૨૫ પ્રમાણે	૩૦.૦૩.૨૦૨૬ બપોરે ૦૨.૦૦ વાગ્યે થી ૦૬.૦૦ વાગ્યા સુધી	૧) રૂા. ૨૨,૬૫,૦૦૦/- ૨) રૂા. ૨,૨૬,૫૦૦/- ૩) રૂા. ૧૦,૦૦૦/-	સાંકેતિક	૧૮.૦૩.૨૦૨૬ થી ૨૫.૦૩.૨૦૨૬ ના સવારે ૧૦.૦૦ થી બપોરે ૦૧.૦૦

આ નિયમો અને શરતો માત્ર સાંકેતિક કબજા માટે છે.

૧. મિલકત સાંકેતિક કબજામાં છે અને બિડર તેના / પોતાના જોખમ અને જવાબદારી પર સાંકેતિક કબજામાં મિલકત ખરીદે છે. ૨. બેંક મિલકતનો કબજો સાંકેતિક રીતે જ સોંપશે અને સફળ હરાજી બિડર / ખરીદનાર બેંક પાસેથી પ્રત્યક્ષ કબજો મેળવવાનો દાવો કરશે નહીં. ૩. પ્રત્યક્ષ કબજો સોંપવા માટે બેંક જવાબદાર અથવા ફરજ બંધાયેલ રહેશે નહીં. ૪. સફળ હરાજી ખરીદનાર કોઈપણ એકમાં કોઈપણ વ્યાજનો દાવો કરવા માટે હકદાર રહેશે નહીં, પૈસા પરત કરવાનો કેસ. ૫. સફળ હરાજી ખરીદનારે ઈ-હરાજી પછી તરત જ ઉપરોક્ત નિયમો અને શરતોની ખાતરી કરતી ઘોષણા કમ બાંયધરી સબમિટ કરવી પડશે. ૬. વેચાણ પછી જો સફળ બિડર ડિક્લેરેશન કમ અન્ડરટેકિંગ સબમિટ કરવામાં નિષ્ફળ જાય, તો બિડની ઈએમડી રકમ જપ્ત કરવામાં આવશે.

ઉધારકર્તા, જામીનદાર અને ગિરવેદાર માટે ૩૦ દિવસની કાયદાકીય વેચાણ નોટીસ

વેચાણની શરતો અને નિયમો માટે કૃપા કરી મુલાકાત લો વેબસાઈટ લીંક : https://www.bankofbaroda.in/e-auction.htm અને ઓનલાઈન હરાજી પોર્ટલ https://ebkray.in જોઈ જવી. મિલકતને લગતી કોઈપણ પૂછ પરછ માટે બેંકના અધિકૃત અધિકારી, ટેલી. નં. ૦૨૬૭૨-૨૨૦૧૩૮, મોબાઈલ : ૯૬૮૭૬૭૮૯૧૪, ૯૩૭૫૦૪૬૪૫૫, ૮૦૮૦૧૨૭૩૬૨ નો સંપર્ક કરવો.

શરતો અને નિયમોની વિગતો માટે અહી સ્કેન કરો

તારીખ : ૨૫.૦૨.૨૦૨૬, સ્થળ : ગોધરા

સહી/-, અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

બેંક ઓફ બરોડા
રિજનલ કાર્યાલય (ગોધરા) - 'કાલિંદી'૧, મહાવીર જૈન સોસાયટી, એસ.ટી. ડેપો પાસે, ગોધરા-૩૮૯૦૦૧, ડિસ્ટ્રી. પંચમહાલ, ભારત (મુ.કા. વડોદરા). ઈ-મેલ: rm.panchmahal@bankofbaroda.com

ગોલ્ડ લોન હરાજી વેચાણ નોટિસ

નીચે જણાવેલ વ્યક્તિઓને અત્રે જણાવવામાં આવે છે કે તેઓ લોન ખાતામાં જવાબદારી ચૂકવવામાં નિષ્ફળ રહેલ છે. રજીસ્ટર્ડ પોસ્ટ દ્વારા તેમને મોકલવામાં આવેલ નોટિસ બેંકને પહોંચાડયા વિના પરત કરવામાં આવી છે. તેથી તેમને વિનંતી કરવામાં આવે છે કે તેઓ જવાબદારી અને અન્ય ચાર્જ ચૂકવી દે અને ગીરો મૂકેલ સિક્યોરિટીઝ તા. ૧૬.૦૩.૨૦૨૬ના રોજ અથવા તે પહેલા રિડીમ કરે, નહીંતર ઉપરોક્ત સિક્યોરિટીઝ બેંક દ્વારા જાહેર હરાજીમાં તા. ૧૭.૦૩.૨૦૨૬ના રોજ સમયઃ સવારે ૧૧.૩૦ કલાકે અથવા ત્યારબાદ કોઈપણ અનુકૂળ તારીખે બેંકના સંપૂર્ણ વિવેકબુદ્ધિથી આગળની સૂચના વિના વેચવામાં આવશે.

Sr. No.	Date of Loan	Loan Number	Name and Address of the Borrower
૧	૦૧.૦૮.૨૦૨૪	૧૪૫૨૦૬૦૦૦૦૪૮૪૩	રઘુવીરસિંઘ અભેસિંહ ઘોક, ૧૧૮ સરપંચ ફળિયુ વિરણીયા, તા. મોરવા હડફ - ૩૮૯૧૧૦, ડિસ્ટ્રી. પંચમહાલ
૨	૨૩.૦૫.૨૦૨૪	૦૭૭૯૦૬૦૦૦૦૦૨૪૭	ચૌહાણ ધરમસિંહ, સરદારસિંહ ચૌહાણના પુત્ર, ગામ - અંદિરણ, વાઘોડિયા વડોદરા - ૩૯૧૫૧૦
૩	૨૧.૧૧.૨૦૨૪	૦૭૫૯૦૬૦૦૦૦૫૯૪૦	સોલંકી અશ્વિનભાઈ ડાહ્યાભાઈ, સરદારસિંહ ચૌહાણના પુત્ર, પટેલ ફળિયુ, કાંબીપલ્લી, તા. ઘોઘંબા, ડિસ્ટ્રી. પંચમહાલ, પિન - ૩૮૯૩૬૫.
૪	૦૨.૦૮.૨૦૨૪	૨૪૭૦૦૬૦૦૦૦૪૬૯૮	ભુપેન્દ્ર કુમાર પ્રભાતસિંહ બારિયા, તોરણ ફળિયા ગામ ઢાકલિયા, તાલુકા - શેહરા, ડિસ્ટ્રી. પંચમહાલ, પિન - ૩૮૮૨૧૦
૫	૨૦.૧૦.૨૦૨૨	૨૪૭૦૦૫૦૦૦૦૨૨૬૮	અશ્વિનભાઈ મફતભાઈ પરમાર, ૬૮૦ નવા ઘર ફળિયા, રતનપુર ખાડકી, રતનપુર, ડિસ્ટ્રી. પંચમહાલ - ૩૮૮૭૧૦
૬	૨૮.૦૩.૨૦૨૫	૦૧૮૩૦૬૦૦૦૩૩૦૭૬	હિરાલાલ લોંગમલ જુવાણી, પાંજરાપોળ રોડ, ગોધરા, ડિસ્ટ્રીક્ટ પંચમહાલ
૭	૨૦.૦૩.૨૦૨૫	૦૧૮૩૦૬૦૦૦૩૩૦૧૫	ગજેન્દ્રકુમાર નારણભાઈ સોનેરા, ૭૯, શ્રી રામેશ્વર સોસાયટી, એસપીટી કોલેજ પાસે, ગોધરા, ડિસ્ટ્રીક્ટ પંચમહાલ
૮	૨૦.૦૩.૨૦૨૫	૦૧૮૩૦૬૦૦૦૩૩૦૨૧	ગજેન્દ્રકુમાર નારણભાઈ સોનેરા, ૭૯, શ્રી રામેશ્વર સોસાયટી, એસપીટી કોલેજ પાસે, ગોધરા, ડિસ્ટ્રીક્ટ પંચમહાલ

ઉપરોક્ત હરાજીમાં ભાગ લેવા ઈચ્છુક વ્યક્તિ પાસે માન્ય ઓળખપત્ર / પાન કાર્ડ હોવું અનિવાર્ય છે. ઉપરોક્ત હરાજીની શરતો નીચે મુજબ છે:

૧. તે "જેમ છે ત્યાં છે" ની સ્થિતિ છે.
૨. સફળ બોલીકર્તા વ્યક્તિએ બિડની સંપૂર્ણ રકમ એક જ સમયે ચૂકવવાની રહેશે અને તેના / તેણીના સંપૂર્ણ જોખમ અને જવાબદારી પર દાગીનાની ડિલિવરી લેવી પડશે અને ઉપરોક્ત બોલી લગાવનારને કોઈપણ કારણોસર અમારી બેંકનો કોઈ આશ્રય રહેશે નહીં.
૩. બેંક કોઈપણ પૂર્વ સૂચના વિના અને તેના સંપૂર્ણ વિવેકબુદ્ધિથી કોઈપણ સમયે ખાતામાં ગીરો મૂકેલ બધા અથવા કોઈપણ ઘરેણાંની હરાજી કરવાનો અથવા હરાજી બંધ કરવાનો અબાધિત અધિકાર ધરાવે છે.
૪. બેંક કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ બોલીને નકારવા અથવા સ્વીકારવાનો સંપૂર્ણ વિવેકબુદ્ધિ ધરાવે છે.
૫. બેંકને બેંકની સુવિધા મુજબ કોઈપણ તબક્કે હરાજી વેચાણ મુલતવી રાખવા / સ્થગિત રાખવાનો અધિકાર છે અને કોઈપણ વ્યક્તિ કોઈપણ પૂર્વ સૂચના અથવા તેના માટે અધિકારનો દાવો કરવાનો હકદાર રહેશે નહીં.
૬. જો સફળ બોલીકર્તા બોલીની રકમ ન ચૂકવે અને / અથવા એવું કાંઈ કરે જેના કારણે હરાજી મુલતવી રાખવા / સ્થગિત રાખવાની જરૂર જણાય તો તે / તેણી હરાજી પૂર્ણ કરવામાં આવી શકે તેવી તેની / તેણીની ભૂલોને કારણે થયેલ નુકશાન, જો કોઈ હોય તો તે / તેણી બેંકને નુકશાનની ભરપાઈ કરવા માટે બંધનકર્તા રહેશે.

તારીખ : ૨૭.૦૨.૨૦૨૬, સ્થળ : ગોધરા

સહી/- અધિકૃત અધિકારી

સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટીસ
પરિશિષ્ટ - ૪-એ [રૂલ ૬ (૨) અને ૮ (૬) માટે પ્રોવીસો જુઓ]

શાખા: ગાંધી ચોક તા. ગોધરા, જિલ્લો - પંચમહાલ

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

સ્થાવર મિલકતોની ઈ-હરાજી થી વેચાણ નોટીસ સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ના અંતર્ગત, સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૬(૨) અને ૮(૬) સાથે વંચાતી.

આથી જાહેર જનતા તથા દેવાદાર (રો) ગિરવેદાર (રો) અને જામીનદાર (રો) ને ખાસ કરીને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે નીચે જણાવેલા જે બેંકમાં સ્થાવર મિલકત ગીરવે / ચાર્જમાં મુકેલ તેનો બેંક ઓફ બરોડાના અધિકૃત અધિકારી શ્રી દ્વારા કબજો લીધેલ છે. સદરહુ મિલકતો સિક્યોર્ડ લેણદાર બેંક ઓફ બરોડા દ્વારા બેંકની બાકી નિકળતી રકમ તથા લાગુ પડતું વ્યાજ અને અન્ય ખર્ચાઓ ની વસુલાત માટે "જેમ છે ત્યાં છે", "જે છે તે છે", અને "જે છે ત્યાં છે" ના ધોરણે વેચાણમાં મુકવામાં આવેલ છે. દેવાદારો / ગિરવેદાર / જામીનદારો / મિલકતો / બાકી લ્હેણાં / અનામત કિંમત / ઈ-હરાજીની તારીખ અને સમય / અર્નેસ્ટ મની ડીપોઝીટ અને બીડ વધારવાની રકમ નીચે મુજબ જણાવવામાં આવે છે :-

અનુ./લોટ નં.	ઉધારકર્તા/ઓ / જામીનદાર/ઓ ગિરવેદાર/ઓના નામ અને સરનામું	કુલ બાકી લ્હેણાં	ઈ-હરાજીની તારીખ અને સમય	અનામત કિંમત ઈએમડી બીડ વધારવાની રકમ	ઈએમડી શરૂ તારીખ અને સમય	કબજાની સ્થિતી (સાંકેતીક / પ્રત્યક્ષ)	મિલકતની નિરીક્ષણની તારીખ અને સમય
૧.	મેસર્સ રાજાઈ મોટર્સ શ્રી કિશોર કુમાર ઠાકોરદાસ રાજાઈ. (ભાગીદાર અને જામીનદાર અને ગિરવેદાર) શ્રી નિખિલ કિશોરકુમાર રાજાઈ (ભાગીદાર અને જામીનદાર) શ્રીમતી રોમાબેન કિશોરકુમાર રાજાઈ (ભાગીદાર અને જામીનદાર અને ગિરવેદાર)	રૂા. ૧૦,૫૬,૪૫,૬૩૧.૨૪/- + બિન લાગુ વ્યાજ + અને ચાર્જીસ જો કોઈ રિકવરી હોય તો બાદ કરતા	૧૬.૦૩.૨૦૨૬ બપોરે ૨ વાગ્યે થી ૬ વાગ્યા સુધી	૧) રૂા.૧૨,૨૦,૧૧,૬૫૦/- ૨) રૂા.૧,૨૨,૦૧,૧૬૫/- ૩) રૂા.૧૦,૦૦૦/-	૨૬.૦૨.૨૦૨૬ થી ૧૬.૦૩.૨૦૨૬ સવારે ૧૦.૦૦ થી સાંજે ૬.૦૦	પ્રત્યક્ષ	૨૬.૦૨.૨૦૨૬ થી ૧૬.૦૩.૨૦૨૬ ના સવારે ૧૦.૦૦ થી બપોરે ૧.૦૦

સ્થાવર મિલકતનું ટૂંકુ વર્ણન જેમાં જાણીતો બોજો હોય, ગિરવેદાર: કિશોરકુમાર ઠાકોરદાસ રજાઈ અને રોમાબેન કિશોરકુમાર રજાઈ. સ્થાવર મિલકતનું વર્ણન - શ્રી કિશોર ઠાકોરદાસ રાજાઈ અને રોમાબેન કિશોરકુમાર રાજાઈની માલિકીની સ્થાવર ઓધોગિક મિલકત જે પ્લોટ નં. ૧ થી ૧૧ ખાતે સ્થિત કુલ ક્ષેત્રફળ ૧૭૦૫.૬૦ સ્કે.મીટર્સ અને પ્લોટ નં. ૧૨, ૧૩/પી ઉત્તરીય ભાગ, ૧૪,૧૫,૧૬,૨૪,૩૩,૩૪,૩૫,૩૮,૩૯ કુલ ક્ષેત્રફળ જમીન ૧૫૧૬.૬૭ સ્કે.મીટર્સ રે.સ.નં. ૨૩૩ + ૨૩૪ પૈકી શોરૂમ સાથે (જીપીએચ નં. ૯૭૪) જે ગામ - વાવડી બુજુર્ગ ખાતે સ્થિત, તા. ગોધરા, પંચમહાલ, ગુજરાત - ૩૮૯૦૦૧ ખાતેની સમગ્ર મિલકત.

ભાગ એ: શ્રી કિશોર ઠાકોરદાસ રાજાઈ અને રોમાબેન કિશોરકુમાર રાજાઈની માલિકીની સમાવેશી સ્થાવર મિલકત પ્લોટ નં. ૧ થી ૧૧ ખાતે સ્થિત કુલ ક્ષેત્રફળ ૧૭૦૫.૬૦ સ્કે.મીટર્સ જે ગામ: વાવડી બુજુર્ગ ખાતે સ્થિત, તા. ગોધરા, પંચમહાલ, ગુજરાત - ૩૮૯૦૦૧ ખાતે આવેલ સમગ્ર મિલકત જેની ચતુઃસીમા નીચે પ્રમાણે છે:

પ્લોટ નં.	પૂર્વ	પશ્ચિમ	ઉત્તર	દક્ષિણ
૧	૬ મીટર રોડ	રેવન્યુ સર્વે નં. ૨૩૫ પૈકીની જમીન	ખુલ્લી જમીન	પ્લોટ નં. ૨ ની જમીન
૨	૬ મીટર રોડ	રેવન્યુ સર્વે નં. ૨૩૫ પૈકીની જમીન	પ્લોટ નં. ૧ ની જમીન	પ્લોટ નં. ૩ ની જમીન
૩	૬ મીટર રોડ	રેવન્યુ સર્વે નં. ૨૩૫ પૈકીની જમીન	પ્લોટ નં. ૪ ની જમીન	પ્લોટ નં. ૬ ની જમીન
૪	૬ મીટર રોડ	રેવન્યુ સર્વે નં. ૨૩૫ પૈકીની જમીન	પ્લોટ નં. ૨ ની જમીન	પ્લોટ નં. ૪ ની જમીન
૫	૬ મીટર રોડ	રેવન્યુ સર્વે નં. ૨૩૫ પૈકીની જમીન	પ્લોટ નં. ૬ ની જમીન	પ્લોટ નં. ૮ ની જમીન
૬	૬ મીટર રોડ	રેવન્યુ સર્વે નં. ૨૩૫ પૈકીની જમીન	પ્લોટ નં. ૩ ની જમીન	પ્લોટ નં. ૬ ની જમીન
૭	૬ મીટર રોડ	રેવન્યુ સર્વે નં. ૨૩૫ પૈકીની જમીન	પ્લોટ નં. ૫ ની જમીન	પ્લોટ નં. ૭ ની જમીન
૮	૬ મીટર રોડ	રેવન્યુ સર્વે નં. ૨૩૫ પૈકીની જમીન	પ્લોટ નં. ૭ ની જમીન	પ્લોટ નં. ૮ ની જમીન
૯	૬ મીટર રોડ	રેવન્યુ સર્વે નં. ૨૩૫ પૈકીની જમીન	પ્લોટ નં. ૮ ની જમીન	પ્લોટ નં. ૯ ની જમીન
૧૦	૬ મીટર રોડ	રેવન્યુ સર્વે નં. ૨૩૫ પૈકીની જમીન	પ્લોટ નં. ૯ ની જમીન	પ્લોટ નં. ૧૦ ની જમીન
૧૧	૬ મીટર રોડ	રેવન્યુ સર્વે નં. ૨૩૫ પૈકીની જમીન	પ્લોટ નં. ૧૦ ની જમીન	પ્લોટ નં. ૧૨ ની જમીન

ભાગ બી: શ્રી કિશોર ઠાકોરદાસ રાજાઈ અને રોમાબેન કિશોરકુમાર રાજાઈની માલિકીની સમાવેશી સ્થાવર મિલકત પ્લોટ નં. ૧૨, ૧૩/પી ઉત્તર ભાગ, ૧૪,૧૫,૧૬,૨૪,૩૩,૩૪,૩૫,૩૮,૩૯ કુલ ક્ષેત્રફળ જમીન ૧૫૧૬.૬૭ સ્કે.મીટર્સ રે.સ.નં. ૨૩૩ + ૨૩૪ પૈકી શોરૂમ (જીપીએચ નં. ૯૭૪) સાથે આવેલ સમગ્ર મિલકત જેની ચતુઃસીમા નીચે પ્રમાણે છે:

પ્લોટ નં.	પૂર્વ	પશ્ચિમ	ઉત્તર	દક્ષિણ
૧૨	રોડ	રે.સ.નં. ૨૩૫ની જમીન	પ્લોટ નં. ૧૧	પ્લોટ નં. ૧૩
૧૩/પી	રોડ	મુન લાઈટ સિનેમા	આવેલ પ્લોટ નં. ૧૩	રે.સ.નં. ૨૩૫
૧૪	પ્લોટ નં. ૪૦	રોડ	પ્લોટ નં. ૧૫	રે.સ.નં. ૨૩૫
૧૫	પ્લોટ નં. ૩૯	રોડ	પ્લોટ નં. ૧૬	પ્લોટ નં. ૧૪
૧૬	પ્લોટ નં. ૩૮	રોડ	પ્લોટ નં. ૧૭	પ્લોટ નં. ૧૫
૨૪	પ્લોટ નં. ૩૦	રોડ	પ્લોટ નં. ૨૫	પ્લોટ નં. ૨૩
૩૩	રોડ	પ્લોટ નં. ૨૧	પ્લોટ નં. ૩૨	પ્લોટ નં. ૩૪
૩૪	રોડ	પ્લોટ નં. ૨૦	પ્લોટ નં. ૩૩	પ્લોટ નં. ૩૫
૩૫	રોડ	પ્લોટ નં. ૧૯	પ્લોટ નં. ૩૪	પ્લોટ નં. ૩૬
૩૮	રોડ	પ્લોટ નં. ૧૬	પ્લોટ નં. ૩૭	પ્લોટ નં. ૩૯
૩૯	રોડ	પ્લોટ નં. ૧૫	પ્લોટ નં. ૩૮	પ્લોટ નં. ૪૦

***બોજો: ગોધરાના વેચાણ વેરા વિભાગે રાજાઈ મોટર્સ સામે રૂા. ૬૦,૯૩,૪૦,૨૯૩/- ના બાકી લેણાં માટે મહેસૂલ રેકોર્ડમાં ઉપરોક્ત મિલકત પર ચાર્જ બનાવેલ છે. જો કે સરફેશી કાયદા ૨૦૦૨ની કલમ ૨૬(ઈ) મુજબ બેંક ચાર્જની પ્રાથમિકતા ધરાવે છે. તેથી સરફેશી કાયદા હેઠળ બેંક પાસેથી મિલકત ખરીદ્યા બાદ ખરીદનારને આ વેચાણ વેરાના બાકી લેણાંનો બોજ મળી શકશે નહીં.

ઉધારકર્તા, જામીનદાર અને ગિરવેદાર માટે ૧૫ દિવસની કાયદાકીય વેચાણ નોટીસ

વેચાણની શરતો અને નિયમો માટે કૃપા કરી મુલાકાત લો વેબસાઈટ લીંક : https://www.bankofbaroda.in/e-auction.htm અને ઓનલાઈન હરાજી પોર્ટલ https://baanknet.com જોઈ જવી. મિલકતને લગતી કોઈપણ પૂછ પરછ માટે બેંકના અધિકૃત અધિકારી, મોબાઈલ : ૯૬૮૭૬૭૮૯૧૪ નો સંપર્ક કરવો.

તારીખ : ૨૫.૦૨.૨૦૨૬, સ્થળ : ગોધરા

સહી/-, અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા

શરતો અને નિયમોની વિગતો માટે અહી સ્કેન કરો